તંત્રીશ્રીની કલમે

એનસીપી અને શિસએન વચ્ચે નેતાઓની ખેંચતાણ ના અણસાર

લોકસભા ચૂંટણીના પરિણામોમાં સૌકોઈ માટે ચોંકાવનારા હતા કેમ કે કોઈપણ પક્ષને પૂર્ણ બહુમતી મળી નથી. આ ચુંટણીમાં ભાજપનું પ્રદર્શન પણ ઘણા રાજ્યોમાં નબળું રહ્યું હતું, જો કે હવે મહારાષ્ટ્રમાં રાજકારણ ગરમાયું છે, રાજકીય ઉથલપાથલની અટકળો લગાવવામાં આવી રહી છે. ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદેની શિવસેના અને શરદ પવાર અને અજિત પવારની એનસીપી વચ્ચે ફરીથી નેતાઓની ખેંચતાણ ના અણસારના સંકેતો મળી રહ્યા છે. શિંદે જૂથની શિવસેનાનો દાવો છે કે ઉદ્ધવ જૂથના બે સાંસદોએ સીએમ એકનાથ શિંદેનો સંપર્ક કર્યો છે. તેઓ મહાયુતિમાં જોડાવા માંગે છે. એવું પણ જણાવવામાં આવી રહ્યું છે કે અજિત જૂથના ઘણા નેતાઓ શરદ જૂથના સંપર્કમાં છે, જ્યારે અજીતની એનસીપી એ પણ દાવો કર્યો છે કે શરદ જૂથના ઘણા નેતાઓ મહાગઠબંધન સરકારને સમર્થન આપવા માંગે છે. એવી પણ ચર્ચા ચાલી રહી હતી કે ઉદ્ધવ ઠાકરે એનડીએમાં જોડાઈ શકે છે. અગાઉ, ઉદ્ધવ જૂથે દાવો કર્યો હતો કે શિંદે જૂથના ૬ ધારાસભ્યો તેમના સંપર્કમાં છે. આ વખતે લોકસભા ચૂંટણીમાં મહાવિકાસ આઘાડી એટલે કે ઉદ્ધવની સેના, કોંગ્રેસ અને શરદ પવારની એનસીપી મજબૂત થઈ છે, જ્યારે ભાજપ અને અજિત જૂથને મોટો ઝટકો લાગ્યો છે. આવી સ્થિતિમાં મહારાષ્ટ્રમાં આ વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલા રાજકીય ગરમાવો જોવા મળી શકે છે. જો કે હમણાં થોડા દિવસ પહેલાજ અજિત પવારની બેઠકમાં પાંચ ધારાસભ્યો અને મંત્રીઓએ હાજરી આપી ન હતી. તેમની પાર્ટીના નેતા ધર્મરાવ બાબા આત્રામે દાવો કર્યો છે કે એનસીપી (શરદચંદ્ર પવાર)ના પ્રદેશ અધ્યક્ષ જયંત પાટિલ તેમની સાથે આવી શકે છે. આ અંગે જયંત પાટીલે કહ્યું કે અજીત જૂથના નેતાઓ તેમની પાર્ટીમાં સામેલ થઈ શકે છે. મહારાષ્ટ્રમાં મહાયુતિ એટલે કે ભાજપ, શિંદે જૂથ અને અજીત જૂથનું પ્રદર્શન ખરાબ રહ્યું હતું. આવી સ્થિતિમાં હવે ભારતીય જનતા પાર્ટીની નજર શિવસેના (યુબીટી) પર છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે ભાજપ હાઈકમાન્ડે ઉદ્ધવ જૂથના નેતાઓનો સંપર્ક કર્યો છે, પરંતુ તેમને રાજ્યમાં દેવેન્દ્ર ફડણવીસ સાથે સમસ્યા છે. દરમિયાન, ફડણવીસના રાજીનામાની ઓફર રાજ્યની રાજનીતિમાં મોટા વિકાસના સંકેત આપી રહી છે.

સુપરસ્ટાર્સ પાછળ ધૂમ ખર્ચના કારણે મોટા બજેટની ફિલ્મો નિષ્ફળ જાય છેઃ અનુરાગ

અનુરાગ કશ્યપ ઑફબીટ ફિલ્મો બનાવવા માટે જાણીતા ડિરેક્ટર છે. મોટા બજેટની ફિલ્મો નિષ્ફળ જવાના અને બોક્સ ઑફિસ પર પીટાઈ જવાનાં કારણો દર્શાવ્યા હતા. તેમાં તેમણે મુખ્ય કારણ ફિલ્મના પ્રોડક્શન કરતાં અનેક ગણો ખર્ચ સુપરસ્ટાર્સના નખરાં વેઠવા પાછળ થતો હોવાનું ગણાવ્યું હતું. અનુરાગે એવું પણ કહ્યું હું કે, 'સેક્રેડ ગેમ્સ'ના સેટ પર આટલી બધી વેનિટી વાન જોઈ ન હોતી. અનુરાગે કહ્યું, ''આ રીતે એક કલ્ચર શરૂ થયું. તેને તમે બદલી શકતાં નથી. અંતે જે ટેક્નિકલ ટીમની પહેલાં બિલકુલ અવગણનાં જ થતી હતી તેમને હવે વળતર મળવાનું શરૂ થયું.એક રીતે એ યોગ્ય પણ છે. પરંતુ ઘણી વધારાની વસ્તુઓ પણ આવવાની શરૂ થઈ છે.'' મોટા બજેટની ફિલ્મો બોક્સ ઓફિસ પર કેમ ચાલતી નથી એ મુદ્દે ચર્ચા કરતા અનુરાગ જણાવ્યું કે ફિલ્મના સેટ પર સુવિધાઓ કરતાં વધુ ધ્યાન ફિલ્મ બનાવવાની સર્જનાત્મક પ્રક્રિયા પર વધુ ધ્યાન અપાવવું જોઈએ. તેમણે જણાવ્યું, ''તેઓ માત્ર ફિલ્મ પર જ ખર્ચ કરે છે એવું નથી. એક વાત લોકોએ સમજવાની જરૂર છે કે જ્યારે આપણે ફિલ્મ બનાવીએ છીએ, આપણે કામ કરીએ છીએ અને કશુંક સર્જીએ છીએ. આ કોઈ રજાઓ ગાળવાના દિવસો નથી, આ કોઈ પ્રવાસ નથી.'' આગળ અનુરાગે ઈન્ડસ્ટ્રીમાં ફિલ્મ પ્રોડક્શન તરફના દૃષ્ટિકોણમાં પરવિર્તન અને યોગ્ય સ્રોતની ફાળવણી અંગે વાત કરી હતી. ''ઘણી રકમ ખર્ચાય છે, જે ફિલ્મ બનાવવામાં નથી વપરાતી. એ વૈભવ અને સ્ટાર્સને ખુશ રાખવા પાછળ ખર્ચાય જાય છે. તમે જંગલની વચ્ચે શૂટ કરતાં હોય, પણ એક ગાડી ત્રણ કલાક દૂર આવેલા શહેરમાં તમારા માટે ફાઈવ સ્ટાર બર્ગર લેવા જાય છે.''

બચ્ચન સમક્ષ ઈમાનદારી દાખવવા જતાં 'પ્રહલાદચા'એ કામ ગુમાવ્યું હતું..!

આજકાલ 'પંચાયત' વીબ સિરીઝ તેની ત્રીજી સીઝનને મળી રહેલી પ્રશંસાની સાથે તેના કલાકારો પણ લાઈમ લાઈટમાં આવી ગયા છે. તેમાં પણ ખાસ કરીને પ્રહલાદચાનું પાત્ર ભજવતા ફૈઝલ મલિકને લોકો ખૂબ પસંદ કરી રહ્યાં છે. તેમણે તાજેતરમાં જ એક ઈન્ટરવ્યૂમાં પોતાના જૂના દિવસો યાદ કર્યા હતાં. તેમણે અમિતાભ બચ્ચન સાથેની પોતાની પહેલી મુલાકાત વિશે પણ વાત કરી હતી. આ મુલાકાતમાં બચ્ચન સમક્ષ સાચું બોલવાના કારણે કામ ગુમાવ્યું હોવાનો કિસ્સો તેમણે જણાવ્યો હતો. પ્રહલાદચાનો એક જૂનો વીડિયો હાલ વાયરલ થઈ રહ્યો છે, તેમાં ફૈઝલ મલિકે યાદ કર્યુ કે, તે અનુરાગ કશ્યપ સાથે અમિતાભ બચ્ચનને મળવા ગયા હતા. તેણે કહ્યું, ''હું અડધો ઉત્સાહમાં હતો કે હું બચ્ચન સાહેબને મળવા જઈ રહ્યો છું. પણ જેવા મેં તેમને જોયાં કે મેં વિચાર્યુ કે કામનું જે થાય તે, મેં તેમના ઓટોગ્રાફ માટે મારી નોટ લંબાવી દીધી.'' આગળ ફૈઝલે અમિતાભ બચ્ચને કરેલી મહેમાનગતિની પ્રશંસા કરતા કહ્યું, ''બિગ બીના ઘરે જમવાનું આવ્યા જ કરતું હતું. હજુ તમે એક ડિશ પૂરી ન કરો ત્યાં બીજી આવી જાય. મેં તેમને કહ્યું કે હું અલાહાબાદનો છું અને તેમણે મારી સાથે વાતો કરી. પછી એમણે મને પૂછ્યું, મારે તલના લાડું ખાવા હોય તો. મને લાગ્યું કે તેઓ ઉંમરના કારણે ખાઈ શકશે નહીં. માફ કરજો, મારે આવું ન કહેવું જોઈએ. પરંતુ જ્યારે લાડુ આવ્યા તો, મારા પહેલાં એ બે ખાઈ ગયા. મને લાગ્યું કે એ એમની ઉંમર વિશે જૂઠું બોલે છે, અને હજુ ઉંમરમાં ઘણા યુવાન છે.'' ફૈઝલે કહ્યું, ''રાઈટર સ્ક્રિપ્ટ વાંચતી વખતે ઓવર કોન્ફિડન્સમાં હતો, પરંતુ અમિતજીએ ૬૨મા પાને એની ભૂલ તરત પકડી પાડી. તેમને બધાં જ ૧૨૦ પાનાની સ્ક્રિપ્ટ યાદ હતી. તેમને એ ભૂલ બતાવવા માટે સ્ક્રિપ્ટમાં જોવું પણ ન પડ્યું.''

પૂજા બેદીને પોતાની ફિલ્મો પુત્રી અલાયાને બતાવતાં શરમ આવતી હતી

અલાયા એફની માતા પૂજા બેદીએ ૧૯૯૨માં 'જો જીતા વોહી સિકંદર' તેમજ ૧૯૯૩માં 'લૂટેરે' અને 'ફિર તેરી કહાની યાદ આઈ' જેવી ફિલ્મો કરી હતી. પરંતુ અલાયા નાની હતી ત્યારે તેને તેની મમ્મીની માત્ર એક જ ફિલ્મ જોવાની છૂટ હતી. અલાયાએ કહ્યું, ''મારી મમ્મીએ મને તેની માત્ર એક જ ફિલ્મ 'જો જિતા વોહી સિકંદર' જોવા દેતી. કારણ કે તેને બીજી ફિલ્મોમાં તેણે જે કામ કર્યું હતું તે બતાવવામાં બહુ શરમ આવતી હતી. એક વખત એના બર્થડે પર મને એની બીજી કોઈ ફિલ્મની વીડિયો મળી ગઈ અને તેને એટલી શરમ આવતી હતી કે અમે બધા બહુ હસ્યાં હતાં.'' અલાયાએ ૨૦૨૦માં 'જવાની જાનેમન' ફિલ્મથી ડેબ્યુ કર્યું અને છેલ્લે 'શ્રીકાંત' અને 'બડે મિયાં છોટે મિંયા' અને 'બેડી' જેવી ફિલ્મો કરી છે. તેણે જણાવ્યું કે તેની મમ્મીને તેને સ્ક્રીન પર જોવાની ઘણી મજા આવે છે.

સેન્ટર ફોર ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન દ્વારા નવીન સાધન રેમલ સાયક્લોન ફોરકાસ્ટ એન્ડ ટ્રેકિંગ ડેશબોર્ડ વિકસાવાયું

ગાંધીનગર, આબોહવા પરિવર્તન અને ગ્લોબલ વૉર્મિંગના આ યુગમાં ભારત જેવા પ્રગતિશીલ રાષ્ટ્રો માટે આપત્તિ એ એક મોટો પડકાર છે. આર્થિક મહત્વાકાંક્ષાઓ હાંસલ કરવા અને ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે, એક આપત્તિ પ્રતિકારક રાષ્ટ્રનું નિર્માણ કરવા માટે સરકારના ધ્યાનમાં હોવું જોઈએ. સુરક્ષિત અને સ્થિતિસ્થાપક ભારતના નિર્માણ માટે ટેક્નોલોજી આધારિત, સક્રિય બહુ-સંકટ અને બહુ-ક્ષેત્રીય વ્યૂહરચના અપનાવીને આ પરિપૂર્ણ કરી શકાય છે. કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય હેઠળ, આંતરિક સુરક્ષા અને સ્માર્ટ પોલીસિંગની શાળા (એસઆઈએસએસપી) રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે આપત્તિ જોખમ ઘટાડવાનું કેન્દ્ર (સીડીઆરઆર) ભારત, કુદરતી અને માનવજાત આપત્તિઓના વિવિધ પાસાઓને સંબોધવા માટે સક્રિય પણે રોકાયેલ છે. રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે સુરક્ષા માળખા પર આપત્તિઓની વિવિધ અસરોને ધ્યાનમાં લેતા સંશોધનના તારણોની તપાસ કરવાના ઉદ્દેશ્ય સાથે રાષ્ટ્રીય સુરક્ષા પર આપત્તિઓના ટેકનોલોજી-આધારિત બહુપક્ષીય અસરોને શોધવા માટે આ કેન્દ્ર એક પ્લેટફોર્મ પ્રદાન કરે છે.

આપત્તિ સંબંધિત વ્યાપક પાસાઓમાં સરકારની જરૂરિયાતોને પરિપૂર્ણ કરવા માટે જ્ઞાન પ્લેટફોર્મ અને નિર્ણય સહાયક પ્રણાલી તરીકે કામ કરતા, સેન્ટર ફોર ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન (સીડીઆરઆર) દ્વારા નવીન સાધન "રેમલ સાયક્લોન ફોરકાસ્ટ એન્ડ ટ્રેકિંગ ડેશબોર્ડ" વિકસાવ્યું છે. એનડીઆરએફ, એસડીઆરએફ, સીએપીએફ અધિકારીઓ અને તાજેતરના ચક્રવાતી વાવાઝોડા, રેમાલ દ્વારા ઊભા થયેલા પડકારોને નેવિગેટ કરવામાં વિવિધ નિર્ણય લેતી સંસ્થાઓ જેવી મુખ્ય રાહત અને બચાવ એજન્સીઓને અનિવાર્ય પણ સમર્થન પૂરું પાડે છે. આ વર્ષના પ્રથમ ચક્રવાત, આશરે ૯:૧૫ વાગ્યે, એક ગંભીર ઉષ્ણકટિબંધીય ચક્રવાતી વાવાઝોડું 'રેમાલ' બંગાળની ખાડીમાંથી ઉદ્દભવ્યું અને પશ્ચિમ બંગાળના સાગર ટાપુ અને બાંગ્લાદેશના ખેપુપારા વચ્ચે તેની લેન્ડફોલ શરૂ કર્યું. ઉપરાંત રવિવારે ઉત્તર તરફ આગળ વધવાની સાથે તેણે તેની તાકાત મેળવી. અંદાજે ૧૧:૩૦ વાગ્યા સુધીમાં, ચક્રવાતની આંખે જમીનના વિસ્તાર સાથે સંપર્ક કર્યો. ચક્રવાત લગભગ ૧૩૫ કિલોમીટર પ્રતિ કલાક ની ઝડપે પહોંચ્યું હતું અને ખાસ કરીને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાના વિસ્તારોમાં વ્યાપક નુકસાન પહોંચાડ્યું હતું.

કેન્દ્ર દ્વારા વિકસાવવામાં આવેલ ટ્રેકિંગ ડેશબોર્ડ નેશનલ ઓસેનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન, એડવાન્સ્ડ બેઝલાઈન ઈમેજર રેડિયન્સ ક્લાઉડ ટોપ ટેમ્પરેચર માટે સેટેલાઈટ દ્રશ્ય મેળવે છે. તથા આ દ્રશ્ય દર ૧૦ મિનિટે ૧.૫ કિમી પ્રતિ પિક્સેલ રિઝોલ્યુશન પર સૌથી તાજેતરની ઈમેજ પર અપડેટ થાય છે. વધુમાં, ટ્રેકિંગ લેયર કલાકદીઠ મેટેરોલોજીકલ એરોડ્રોમ રિપોર્ટ અને દ્વારા પૂરા પાડવામાં આવેલ બોય ડેટામાંથી બનાવવામાં આવે છે જે પવનની ગતિ અને દિશાને પણ દર્શાવે છે. નેશનલ હરિકેન સેન્ટર અને જોઈન્ટ ટાયફૂન વૉર્નિંગ સેન્ટર ની આંતરદૃષ્ટિ સાથે સંકલિત ડેટા, ચક્રવાતના માર્ગો માટે વાસ્તવિક સમયની આગાહી આપે છે. ચક્રવાત ડેશબોર્ડ ઈએસઆરઆઈની ફ્રી ડેશબોર્ડ એપ્લિકેશન પર હોસ્ટ કરવામાં આવ્યું છે. તેનું સાહજિક ઈન્ટરફેસ અને ગતિશીલ લક્ષણો પ્રાદેશિક સત્તાવાળાઓ, સમુદાયો અને સરકારી સંસ્થાઓ સહિત હિતધારકોને અસરકારક આપત્તિ સજ્જતા અને પ્રતિભાવ માટે પગલાં લેવા યોગ્ય આંતરદૃષ્ટિ સાથે સશક્ત બનાવે છે. તે અસરકારક આપત્તિ સજ્જતા માટે પગલાં લેવા યોગ્ય ડેટા સાથે હિતધારકોને પણ સમર્થન આપે છે. આ સાથે, સીડીઆરઆર જોખમી દેખરેખને આગળ વધારવા અને જીવનની સુરક્ષા અને રાષ્ટ્રીય સુરક્ષાને વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવવા માટે સ્થિતિસ્થાપકતા વધારવા માટે પ્રતિબદ્ધ છે.

કેન્દ્ર હાલમાં આપત્તિના અન્ય કેટલાક સમકાલીન પડકારો અને પ્રારંભિક ચેતવણી-સંબંધિત પ્રોજેક્ટ્સ પર કામ કરી રહ્યું છે જેમ કે ઉચ્ચ-રિઝોલ્યુશન ચારધામ ભૂસ્ખલન જોખમ મૂલ્યાંકન, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ માટે ડેટા-આધારિત જોખમ મેપિંગની રચના, પૃથ્વી-અવલોકન આધારિત મલ્ટિસ્કેલ સેન્સિંગ, પાકની જમીન અને અન્ય. ઉપરાંત કેન્દ્ર, તેની ભૌગોલિક ક્ષમતાઓથી સુશોભિત, કેન્દ્ર ગુના અને હોટસ્પોટ મેપિંગ, સ્પેટીઓટેમ્પોરલ ક્રાઈમ ડેટા ઈન્વેન્ટરી, સર્વેલન્સ મેનેજમેન્ટ વ્યૂહરચનાને ઓછું કરવા અને અનુમાનિત પોલીસિંગ વગેરે પર સ્માર્ટ પોલીસિંગ પ્રોજેક્ટ્સ પર પણ કામ કરે છે. એનડીએફઆર અને પીએસયુ અધિકારીઓના ઈન-સર્વિસ એક્ઝિક્યુટિવ્સ માટે ત્રણ મહિનાના ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન અને નેશનલ સિક્યુરિટી સર્ટિફિકેટ કોર્સની સફળતાપૂર્વક પૂર્ણ થયા પછી, સેન્ટર ફોર ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન તેની શૈક્ષણિક તાગને વિસ્તૃત કરી રહ્યું છે. આ વર્તમાન શૈક્ષણિક વર્ષથી, કેન્દ્ર આપત્તિ અને રાષ્ટ્રીય સુરક્ષા ક્ષેત્રે બે માસ્ટર અને એક પીએચડી પ્રોગ્રામ ઓફર કરે છે, એમએ/એસ.એસસી. આપત્તિ વ્યવસ્થાપન અને રાષ્ટ્રીય સુરક્ષામાં, એમ.ટેક. ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને નેશનલ સિક્યુરિટીમાં અને નિયમિત અને પ્રેક્ટિશનર મોડમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં પીએચડી. માસ્ટર પ્રોગ્રામ્સ માટે એડમિશન ૭મી જુલાઈ, ૨૦૨૪ સુધી ખુલ્લું છે. કેન્દ્ર કન્સલ્ટન્સી સેવાઓ અને ક્ષમતા-નિર્માણની તાલીમ આપવામાં પણ સક્રિયપણે સામેલ છે.

ભ્રષ્ટબાબુઓની ૨૫ કરોડની બેનામી સંપત્તિ શોધવામાં ACB સફળ

અમદાવાદ, ગુજરાતમાં લાંચરુશવત અને ભ્રષ્ટાચાર વિરોધી લડાઈને સરકારે તેજ બનાવી છે. તેના પગલે રાજ્યમાં જાન્યુઆરીથી માર્ચ સુધીના પ્રથમ ત્રિમાસિક ગાળાની અંદર લાંચ લેવાના કેસમાં ગુનેગાર સાબિત કરવાનો દર ૪૬ ટકા જોવા મળ્યો છે. આ દર નોંધપાત્ર છે.

ગુજરાતમાં ભ્રષ્ટાચાર વિરુધ્ધની લડાઈમાં લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા તાજેતરમાં અસરકારક પગલાઓ લેવામાં આવી રહેલ છે. લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોમાં લાંચ અંગેની ફરિયાદ આપવામાં આવે ત્યારબાદ ફરીયાદીને જે તે વિભાગ દ્વારા હેરાન પરેશાન કરવામાં આવતા હોવાની ઘણી રજૂઆતો બ્યુરો તથા સરકાર કક્ષાએ થતી હતી. આ સ્થિતિને નિવારવા અને ફરીયાદીને યોગ્ય અને પૂરતુ રક્ષણ મળી રહે તે સારુ સરકારશ્રી તરફથી મળેલ જરૂરી સૂચના અને માર્ગદર્શન આધારે નિયામકશ્રી દ્વારા બ્યુરો ખાતે 'CARE' (Caring of Applicant & Responding Effectively) *પ્રોગ્રામ ૨૬ મી જાન્યુઆરી ૨૦૨૪ થી અમલમાં મૂકવામાં આવેલ છે. આ પ્રોગ્રામ અંતર્ગત બ્યુરોનાં દરેક અધિકારી/કર્મચારી એક માસમાં ઓછામાં ઓછા એક ફરીયાદીને રૂબરૂમાં તેઓના નિવાસસ્થાને કે કામકાજ સ્થળે જઈ સંપર્ક કરશે અને ફરીયાદી બન્યા પછી તેઓને કોઈ મુશ્કેલી કે કનડગત થતી હોય તો તે જાણી, તેના યોગ્ય અને સુખદ નિવારણ માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.* 'CARE' *પ્રોગ્રામના અમલીકરણથી ભ્રષ્ટાચાર વિરુધ્ધની લડાઈમાં ફરીયાદ કર્યા બાદ જાગૃત નાગરિકને કનડગત ન થાય તેની તકેદારી એ.સી.બી. ગુજરાત તરફથી રાખવામાં આવી રહેલ છે. આ પ્રોગ્રામ થકી ભ્રષ્ટાચાર વિરુધ્ધની લડાઈમાં સહભાગી બનવા માંગતા તમામ નાગરિકોમાં પોતાનો આત્મવિશ્વાસ વધશે અને તે થકી બ્યુરો પ્રત્યેના વિશ્વાસમાં વધારો કરવાનો રહેલો છે. જો કોઈ સરકારી અધિકારી/કર્મચારી એ.સી.બી.નાં ફરીયાદી સાથે યોગ્ય વર્તન ન કરતા હોય તો તેઓનાં વિભાગ કક્ષાએ અવગત કરાતા સરકારશ્રી કક્ષાએથી યોગ્ય પગલા લેવામાં આવે છે. આ કાર્યક્રમ અંતર્ગત કુલ-૯૦૦ થી વધુ ફરીયાદીઓનો સંપર્ક કરવામાં આવેલ છે. આ કારણથી ફરીયાદીઓ તથા નાગરિકોમાં બ્યુરો પ્રત્યેનો વિશ્વાસ વધવા પામેલ છે જેના કારણે નાગરિકો તરફથી ભ્રષ્ટાચાર વિરુધ્ધ મળતી ફરીયાદોમાં પણ વધારો થયેલ છે. વધુમાં,* CARE *પ્રોગ્રામમાં ડિઝિટલાઈઝેશન સ્વરૂપે માહિતીનો સંગ્રહ કરવામાં આવે છે જેથી સંગ્રહિત માહિતીનો ઝડપી અને સુચારુરૂપથી ઉપયોગ થઈ શકે. આરોપીઓને સજા થાય તથા કન્વીકશન રેટ સુધરે તે હેતુથી એકમ દીઠ મદદનીશ નિયામકશ્રીના અધ્યક્ષતામાં* ' Conviction Rate Improvement Committee ' *ની રચના કરવામાં આવી છે, જે આ વિષયો હાથ ધરી રહેલ છે. એ.સી.બી. ના કેસ નોંધાયા બાદ અદાલતમાં ચાલવા પર આવે ત્યારે આરોપીને સજા થાય અને કન્વીક્શન રેટ ઉંચો આવે તે માટે સરકારશ્રી તરફથી મળેલ માર્ગદર્શન આધારે દરેક જિલ્લા/પોલીસ સ્ટેશન કક્ષાએ દર માસે એક ખાસ મીટીંગનું આયોજન કરવામાં આવે છે. જેમા ગુનાના રેડીંગ પાર્ટીના અધિકારી, તપાસ અધિકારી, સરકારી વકીલશ્રી અને સંબંધિત એકમના મદદનીશ નિયામકશ્રી તથા પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી સાથે મળી ચાલુ માસમાં અદાલતમાં ચાલી રહેલ કેસોના પુરાવાકીય અને કાયદાકીય પાસાઓ અંગે ચર્ચા કરી અદાલતમાં સરકારપક્ષે સચોટ રજૂઆત થાય તે માટે સઘન આયોજન કરે છે. આમ, કન્વીક્શન રેટ વધારવા પર વિભાગ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવેલ છે. ચાલુ વર્ષે પ્રથમ ત્રિમાસીકમાં કન્વીક્શન રેટ ૪૬% નો રહેલ છે. મોરબી સેશન્સ અદાલત ખાતે એક જ દિવસે એ.સી.બી.ના જુદા જુદા ત્રણ કેસોમાં આરોપીઓને દોષિત ઠેરવી જેલની સજા અને રોકડ દંડ કરવામાં આવેલ છે. આ ઉપરાંત, નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચાલતા તમામ પ્રકારના કેસોનું એડીશનલ ડાયરેક્ટરશ્રીની અધ્યક્ષતામાં રચવામાં આવેલ* Core Committee *દ્વારા સઘન મોનીટરીગ કરવામાં આવે છે.*

લાંચ કેસ તેમજ અપ્રમાણસર મિલકતનાં કેસોમાં ઠોસ તપાસ થાય તેમજ વધુને વધુ સારી રીતે પુરાવાઓ એકત્રીત કરી શકાય તે માટે સરકાર તરફથી જુદા જુદા વિષયના નિષ્ણાતોની સેવાઓ પૂરી પાડવામા આવી રહેલ છે. આ માટે લીગલ, ફોરેન્સિક, ટેકનીકલ, રેવન્યુ અને ફાયનાન્સીયલ એડવાઈઝરની નિમણૂંક કરવામા આવેલ છે. બ્યુરોને વધુ આધુનિક બનાવવા માટે અને વૈજ્ઞાનિક ઢબે તપાસ થાય તે સારુ સરકારશ્રી તરફથી બ્યુરોની માંગણી મુજબનો તમામ ટેકનીકલ સપોર્ટ પુરો પાડવામાં આવેલ છે. જેના ભાગરૂપે ચાલુ નાણાકીય વર્ષમાં સ્પાય કેમેરા, વોઈસ રેકોર્ડર તેમજ ગુપ્તતા જળવાય રહે તે મુજબના અન્ય અધ્યતન સાધનો પુરા પાડવામાં આવેલ છે. આ ઉપરાંત લોજિસ્ટીક સપોર્ટ માટે કોમ્પ્યુટર તેમજ રેઈડ કાર્યવાહી માટે રેડીંગ પાર્ટીની ઓળખ ન થઈ શકે તે પ્રકારનાં વાહનો પૂરા પાડવામાં આવે છે. લાંચ વિરોધી મહાઅભિયાનમાં વધુમાં વધુ પ્રજાજનોને જોડવા માટે રાજ્યસ્તરે નિરંતર જાગરુકતા અભિયાન ચલાવવામાં આવી રહ્યુ છે. ગુજરાતની તમામ સરકારી કચેરીઓમાં એ.સી.બી. ટોલ ફ્રી નંબર – ૧૦૬૪ તથા વોટસ અપ નંબર – ૯૦૯૯૯૧૧૦૫૫ ની જાહેરાત કરવામાં આવી રહી છે. ગ્રામીણ ક્ષેત્રે પંચાયત, સહકારી દૂધ ડેરી તેમજ સહકારી ખેતી મંડળીઓમાં ટોલ ફ્રી નંબરના પોસ્ટર-સ્ટીકર લગાવવામાં આવેલ છે. આ ઉપરાંત ગુજરાતમાં વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક મેળાવડાની મુલાકાત લેતા પ્રજાજનોને એ.સી.બી.ના અધિકારી/કર્મચારીઓ સ્ટોલ લગાવી જાગરુકતા ફેલાવા તેમજ વિશ્વાસ સંપાદિત કરવાના કાર્યક્રમો યોજવામાં આવે છે. આ ઉપરાંત સોશીયલ મિડીયા પ્લેટફોર્મમાં ટ્વીટર, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ વિગેરેના માધ્યમથી બ્યુરોનો પ્રચાર પ્રસાર કરવામાં આવે છે. ચાલુ વર્ષે બ્યુરો દ્વારા ભ્રષ્ટાચાર વિરોધી અભિયાનમાં પ્રો-એક્ટીવ કામગીરી હાથ ધરી જે સરકારી વિભાગમાં ભ્રષ્ટાચાર થતો હોવાની હકીકત પ્રાપ્ત થાય તેવી કચેરીમાં ડિકોયનું આયોજન કરી કુલ ૧૩ જેટલા સફળ કેસો કરવામાં આવેલ છે. ચાલુ વર્ષે હાલ સુધીમાં કુલ-૧૦૪ લાંચ અંગેના કેસો કરવામાં આવેલ છે. તાજેતરમાં ભ્રષ્ટાચાર થકી અપ્રમાણસર મિલકત વસાવેલ હોય તેવા સરકારી અધિકારી/કર્મચારી શોધી કાઢી, હાલ સુધીમાં કુલ- ૧૦ કેસો દાખલ કરી કુલ-રૂ.૨૫,૦૪,૭૦,૨૭૮/- ની અપ્રમાણસર મિલકત શોધી કાઢવામાં આવેલ છે. આમ, સરકારશ્રીનાં માર્ગદર્શન અને પૂરતા સહકારથી બ્યુરો દ્વારા હાલમાં ભ્રષ્ટાચારીઓ વિરુધ્ધ મહાઅભિયાન હાથ ધરવામાં આવેલ છે.

ગીરમાં આ વર્ષે ૧૫ જુનથી સિંહોનુ વેકેશન શરૂ થશે

જુનાગઢ,

ગીરના જંગલમાં સિંહદર્શન માટે જવા ઈચ્છતા લોકો માટે ખરાબ સમાચાર છે. હવે જલ્દી જ સિંહોનું વેકેશન શરૂ થવા જઈ રહ્યું છે. હવે ચાર મહિના સુધી પ્રવાસીઓ ગીરના સિંહના દર્શન નહિ કરી શકે. કારણ કે, દર વર્ષે ચાર મહિના ગીરનું જંગલ પ્રવાસીઓ માટે બંધ કરવામાં આવે છે. આ વર્ષે ૧૫ જુનથી સિંહોનુ વેકેશન શરૂ થશે. હવે માત્ર ૬ દિવસ બાકી રહ્યાં છે, તેના બાદ સિંહ દર્શન નહિ કરી શકાય. સિંહોના મેટીંગ પિરીયડને લઈને વેકેશન પડાય છે, હવે ૧૬ ઓક્ટોબરથી ફરી સિંહ જોવા મળશે.

જૂનાગઢમાં આવેલ ગિરનાર નેચર સફારી પાર્કમાં ૧૫ જૂનથી સિંહોનું વેકેશન પડશે. આ વેકેશન ૧૫ ઓક્ટોબરે પૂર્ણ થતું હોય હવે ૧૬ ઓક્ટોબરથી ફરીથી સિંહ દર્શન થઈ શકશે. આ અંગે જૂનાગઢ વન વિભાગના ડીસીએફ અક્ષય જોષીએ જણાવ્યું હતું કે, જૂનાગઢમાં આવેલ ગિરનાર નેચર સફારી પાર્કને ૧૫ જુનથી ૧૫ ઓક્ટોબર સુધી બંધ રાખવામાં આવશે.

એશિયાઈ સિંહો માટે દુનિયાભરમાં વિખ્યાત એવું ગીરનું જંગલ ચાર મહિના માટે બંધ કરી દેવાય છે. ૧૫ જૂન થી લઈને ૧૬ ઓક્ટોબર સુધી વનરાજો માટે વેકેશન જાહેર કરાય છે. ચોમાસાની ઋતુ શરુ થાની સાથે જ ગીરનું જંગલ દર વર્ષે બંધ કરી દેવામાં આવે છે. કારણ કે જંગલના રાજા સિંહ અને બીજા ઘણા પ્રાણીઓ માટે સંવનન કાળ શરૂ થયો હોવાથી, તેમને કોઈ ખલેલ ના પહોંચે તે માટે વન વિભાગ દ્વારા પ્રવાસીઓ માટે ગીરના દરવાજા બંધ કરી દેવાય છે.તો બીજી તરફ, ચોમાસાની ઋતુમાં વન વિભાગની કામગીરી વધી જાય છે. કારણ કે, ઈન્ફાઈટના કારણે સિંહો અને અન્ય પ્રાણીઓ ઘાયલ થતા હોય છે. ત્યારે વરસતા વરસાદમાં પણ તેઓને રેસ્ક્યુ કરી બચાવ કામગીરી થાય છે. ચોમાસાના ચાર મહિનામાં વરસાદને કારણે જંગલના રસ્તા બિસ્માર બની જાય છે. તેથી ભારે વરસાદમાં રસ્તાઓને રીપેર કરવા જેવા પડકારો આ ચાર મહિના દરમિયાન કરવા પડે છે. જેથી વેકેશન ખૂલે એટલે મુસાફરોને કોઈ તકલીફ ન થાય.

ડુંગળીના ભાવમાં એક સપ્તાહમાં ૨૦ ટકાથી વધુનો થયેલો વધારો

નવી દિલ્હી, આ વર્ષે અત્યાર સુધી મોંઘવારીમાં રાહત આપતી ડુંગળીના ભાવ હવે ગ્રાહકોના આંસુ પાડવા તૈયાર છે. છેલ્લા કેટલાક દિવસોથી બજારોમાં ડુંગળીના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. નિષ્ણાતોના મતે બજારોમાં ડુંગળીનું આવકના કારણે ભાવમાં એક સપ્તાહમાં ૨૦ ટકાથી વધુનો વધારો થયો છે. છેલ્લા મહિનામાં નીચા ભાવથી પરેશાન ખેડૂતો બજારોમાં ઓછી ડુંગળી લાવી રહ્યા છે. શરતો સાથે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ હટાવવાથી પણ ભાવમાં સુધારાને વેગ મળ્યો છે.

જથ્થાબંધ બજારોમાં ડુંગળીના ભાવમાં રૂ.૫૦૦નો વધારો થયો છે. મુખ્ય ઉત્પાદક રાજ્ય મહારાષ્ટ્રના પિંપળગાંવ નાસિકમાં ડુંગળીનો જથ્થાબંધ ભાવ ૧ જૂનના રોજ રૂ. ૪૦૦ થી રૂ. ૨,૪૦૦ હતો, જે આજે વધીને રૂ. ૮૦૦ થી રૂ. ૨,૯૦૦ પ્રતિ ક્વિન્ટલ થયો છે. મંડીઓમાં ડુંગળીના ભાવમાં વધારાને કારણે રીટેલ બજારમાં પણ ડુંગળીના ભાવમાં વધારો થયો છે. સેન્ટ્રલ કન્ઝયુમર અફેર્સ ડિપાર્ટમેન્ટના ડેટા અનુસાર, ૧ જૂને દેશભરમાં ડુંગળીની સરેરાશ છૂટક કિંમત ૩૧.૮૪ રૂપિયા પ્રતિ કિલો હતી, જે આજે વધીને ૩૨.૯૩ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. આ સમયગાળા દરમિયાન, દિલ્હીમાં ડુંગળીની સરેરાશ છૂટક કિંમત ૩૦ રૂપિયાથી વધીને ૩૫ રૂપિયા અને મહારાષ્ટ્રમાં ૨૮.૪૨ રૂપિયાથી વધીને ૩૧.૨૬ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.

ડેબ્ટ્સ રિકવરી ટ્રિબ્યુનલ-૧ મુંબઈ
(ભારત સરકાર, નાણાં મંત્રાલય)
બીજો માળ, ટેલીફોન ભવન, કોલાબા માર્કેટ, કોલાબા, મુંબઈ- ૪૦૦૦૦૫.
(૫મો માળ, સિંધિયા હાઉસ, બેલાર્ડ એસ્ટેટ, મુંબઈ- ૪૦૦ ૦૦૧)
૨૦૨૩ના ટી.એ. નં. ૩૫૯

એક્સ-૩૩

... અરજીકર્તા

પંજાબ નેશનલ બેંક
વર્સેસ
મેસર્સ ફાઈન ફેસેટ્સ ઈન્ડિયા પ્રા. લિ. એન્ડ અન્ય
પ્રતિ,

પ્રતિવાદી નં. ૫	શ્રીમતી, વર્ષા એસ. મહેતા ફલેટ નં. ૯૦૬, ૯મો માળ, હૃષિરાજ એપાર્ટ, વોર્ડ- આઠવા, સિટી સર્વે નં.૭૫૩, આઠવા ગેટ, સુરત, ગુજરાત - ૩૯૫૦૦૭

નોટિસ

નોંધ લો કે ટીએ નં. ૧૯૧૨/૨૦૧૬ તમારા અને ઉપરના પક્ષો વચ્ચે ડીઆરટી-I , મુંબઈમાં પેન્ડિંગ ને ડીઆરટી-II મુંબઈ માં તબદીલ કરવામાં આવી હતી અને જેની ટીએ નં. ૫૮૨/૨૦૨૨ તરીકે ડિઆરટી-II મુંબઈની ફાઇલ પર નોંધાયેલ છે અને ફરીથી તેને આ ટ્રિબ્યુનલમા ટીએ. નં. ૩૫૯/૨૦૨૩ તરીકે આ ટ્રીબ્યૂનલ પર નોંધાયેલ અને ટ્રાંસફર કરવામાં આવી છે. તેથી તમને એલડી રજીસ્ટ્રાર, ડિઆરટી- I મુંબઈ સમક્ષ અન્યથા તે પોતે જાતે અથવા વકીલ મારફતે ૨૨/૦૮/૨૦૨૪ના રોજ બપોરે ૧૨.૦૦ વાગે હાજર રહેવા નિર્દેશ આપવામાં આવે છે. ખાસ નોંધ લો કે તમારા દેખાવમાં ડિફોલ્ટ થવાના કિસ્સામા એજ દિવસે ઉપર દર્શાવેલ કાર્યવાહી તમારી ગૈરહાજરીમાં સાંભળવામાં આવશે અને નિર્ણય લેવામાં આવશે.

૮ મે, ૨૦૨૪ ના દિવસે મારા હાથ નીચે આ ટ્રીબ્યુનલની સીલ મારીને મોકલાવી .

સીલ

રજીસ્ટ્રાર,
ડેબ્ટ્સ રિકવરી ટ્રિબ્યુનલ-૧ ,મુંબઈ

પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન
(ઈલેક્ટ્રિકલ ડિપાર્ટમેન્ટ)
ઈલેક્ટ્રિકલ કાર્ય

ઈ-ટેન્ડર-નોટિસ નં. Sr.DEE/ADI/15 (24-25) તા. 07.06.2024; ટેન્ડર નં. EL-50-1-ADI-T-25-2024-25; કામનું નામ: અમદાવાદ ડિવિઝન - EI ઇન્સ્ટોલેશન માટે એરકંડીશનર ની જોગવાઈ સાથે સંબંધિત ઈલેક્ટ્રિકલ કાર્ય; **અંદાજીત ખર્ચ:** ₹ 2,37,21,818/-; **અર્નેસ્ટ મની:** ₹ 2,68,600/-; **જમા કરાવવાની તારીખ અને સમય:** તા 04.07.2024 ના 15:00 કલાક સુધી; **ખોલવાની તારીખ અને સમય:** તા 04.07.2024 ના 15:30 કલાક; **ઓફિસનું સરનામુ:** સિનિ. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી. આર. એમ. ઓફિસ (૫.રે.) ચામુંડા બ્રિજ પાસે, જી. સી. એસ. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345; વેબસાઈટ વિગત: www.ireps.gov.in 67

અમને લાઇક કરો: facebook.com/WesternRly

ICICI Home Finance | **કોર્પોરેટ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમીટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, અંધેરી - કુરલા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૯, ઈન્ડિયા.

શાખા ઓફિસ : ચોથો માળ, ક્રિષ્ના કેપીટલ, બેંક ઓફ બરોડાની પાસે, ઝાંઝરડા રોડ, જુનાગઢ, ગુજરાત - ૩૬૨૦૦૧.

(નિયમ ૮(૬) ની જોગવાઈ જુઓ) સ્થાવર મિલકતના વેચાણ માટેની સુચના

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ અંતર્ગત સિકયોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ બેંકમાં ગિરવે મુકેલ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ - હરાજી વેચાણ નોટીસ. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તાઓ અને જામીનદારોને સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત સિકયોર્ડ લેણદાર પાસે ગીરો/ચાર્જ કરેલ છે, જેનો **ભૌતિક કબજો** અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ** અહીં આપેલી સંક્ષિપ્ત વિગતો મુજબ **"જેમ છે ત્યાં", "જેમ છે તે પ્રમાણે" અને "જે છે તે"** પર વેચવામાં આવશે.

ક્રમ નં.	ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/ જામીનદારો/કાયદેસરના વારસદાર નુંનામ લોન એકાઉન્ટ નંબર	જાણીતી બોજો સાથે સુરક્ષિત મિલકતની વિગતો જો કોઈ હોય તો	બાકી લ્હેણી રકમ	અનામત કિંમત --------- અર્નેસ્ટ મની ડીપોઝીટ	નિરીક્ષણની તારીખ અને સમય	હરાજીની તારીખ અને સમય
(A)	(B)	(C)	(D)	(E)	(F)	(G)
૧.	વિપુલકુમાર પી બુટાણી (ઉધારકર્તા), મહેન્દ્ર પોપટભાઈ બુટાણી જામીનદારનું નામ : જલ્પાબેન વિપુલભાઈ બુટાણી (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. NHJGH00000828002 & NHJGH00001245931	ફલેટ નં. ૪૦૧, ચોથો માળ, બિલ્ડીંગ નં. બી/૨ (એ/૪), પ્લોટ નં. ૧, સર્વે નં. ૫૪/૧/૨ પૈકી - ૧, વિશ્વાશ સીટી, ખોડલ ફાર્મની પાસે, ખલીલપુર રોડ, મું. જોષીપુરા, તાલુકો અને જીલ્લો - જૂનાગઢ - ૩૬૨૦૦૧.	રૂા. ૧૪,૪૮,૩૯૩/- ૦૭.૦૬.૨૦૨૪	રૂા. ૯,૦૭,૨૦૦/- ------ રૂા. ૯૦,૭૨૦/-	૦૮.૦૭.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૧૬.૦૭.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી

ઓનલાઈન હરાજી અમારી ઓકશન એજન્સી ગ્લોબટેક ની વેબસાઈટ : **(URL Link-/ https://BestAuction Deal.com)** પર હાથ ધરવામાં આવશે. ગીરો / નોટીસને **તા. ૧૫.૦૭.૨૦૨૪ સુધી સાંજના ૫.૦૦ વાગ્યા પહેલા** ચડત વ્યાજ સાથે કુલ લેણાં ચુકવવાની છેલ્લી તક આપવામાં આવે છે, અન્યથા આ સુરક્ષિત અસ્કયામતો ઉપરોકત શિડયુલ મુજબ વેચવામાં આવશે.

સંભવિત બિડરોએ અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) આરટીજીએસ / ડીમાન્ડ ડ્રાફટ (ડીડી) (કોલમ ઈ નો સંદર્ભ), **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ, ચોથો માળ, ક્રિષ્ના કેપીટલ, બેંક ઓફ બરોડાની પાસે, ઝાંઝરડા રોડ, જુનાગઢ, ગુજરાત - ૩૬૨૦૦૧, તા. ૧૫.૦૭.૨૦૨૪ ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યા પહેલાં** મળે તેમ મોકલી આપવી. સંભવિત બિડરોએ **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ, ચોથો માળ, ક્રિષ્ના કેપીટલ, બેંક ઓફ બરોડાની પાસે, ઝાંઝરડા રોડ, જુનાગઢ, ગુજરાત - ૩૬૨૦૦૧ ખાતે તા. ૧૫.૦૭.૨૦૨૪ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા પહેલા** મળે તેમ નોંધણી ફોર્મ અને બિડના નિયમો અને શરતોના ફોર્મની સહી કરેલી નકલ પણ સબમીટ કરવી. અર્નેસ્ટ મની ડિપોઝીટ ડીમાન્ડ ડ્રાફટ (ડીડી) **જૂનાગઢ** ખાતે ચુકવવાપાત્ર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ - ઓકશનની તરફેણમાં રાષ્ટ્રીયકૃત /અનુસૂચીત બેંકમાંથી હોવો જોઈએ.

હરાજીના નિરીક્ષણના નિયમો અને શરતો અથવા ટેન્ડર સબમીટ કરવા સંબંધી કોઈપણ વધુ સ્પષ્ટતા માટે કૃપા કરીને **૯૯૨૦૮૦૭૩૦૦ પર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ** અથવા અમારા સેલ્સ એન્ડ માર્કેટીંગ પાર્ટનર **NexXen સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ** નો સંપર્ક કરો. અધિકૃત અધિકારી કોઈપણ અથવા તમામ બિડને કોઈપણ વધુ કારણો આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને **https://www.icicihfc.com/** ની મુલાકાત લો.

અધિકૃત અધિકારી

તારીખ : ૧૩.૦૬.૨૦૨૪, સ્થળ : જૂનાગઢ

આઈસીઆઈસીઆઈસી હોમ ફાયનાન્સ કંપની લિમિટેડ